# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૫ તા.૦૬-૦૯-૨૦૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષયઃ- શાળાઓના સમય અને સમયપત્રકનો અમલ કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષયે જણાવવાનું કે, શાળાઓના સમય અને સમયપત્રકનો ચૂસ્ત અમલ કરવાનો રહેશે.

| તા.૧૦-૬-૧૯થી શાળાઓનો સમય | તા.૦૭-૯-૧૯થી શાળાઓનો સમય | પાળી | સોમવાર થી શુક્રવારનો સમય | શનિવારનો સમય |
|---|---|---|---|---|
| ૭.૨૦ થી ૧૨.૩૦ | ૭.૨૦ થી ૧૨.૩૦ | સવારપાળી-૧ | સવારે ૭-૨૦ થી ૧૨-૩૦ | ૭.૨૦ થી ૧૧.૩૦ |
| ૧૨.૩૦ થી ૫.૩૦ | ૧૨.૩૦ થી ૫.૩૦ | બપોરપાળી | બપોરે ૧૨-૩૦ થી ૫-૩૦ | ૧૧.૩૦ થી ૩.૩૦ |
| ૭.૩૦ થી ૧.૩૦ | ૭.૨૦ થી ૧૨.૫૦ | સવારપાળી-૨ | સવારે ૭-૨૦ થી ૧૨-૫૦ | ૭.૨૦ થી ૧૧.૩૦ |

શિક્ષકોએ શાળા સમયના ૧૦ મિનિટ પહેલા શાળામાં રિપોર્ટીંગ કરવાનું રહેશે.

**<u>શાળા સમયપત્રક અંગે :-</u>**

તા.૭-૯-૧૯ થી તમામ શાળાઓએ વિદ્યાર્થીઓ માટે **આ સાથે બિડાણમાં આપેલ સમયપત્રક મુજબ તાસ ફાળવણી ગોઠવી શાળાકક્ષાએ સમયપત્રક તૈયાર કરવાનું રહેશે.**

- જીસીઇઆરટીએ આપેલ ધો. ૧ થી ૫ અને ધો. ૬ થી ૮ના જે તે સત્ર મુજબ **વિષયદીઠ ફાળવેલ તાસની સંખ્યા મુજબ જ શાળા કક્ષાએથી સમયપત્રક બનાવવાનું રહેશે.**
- મહદ્ અંશે એક દિવસમાં જે તે વિષય માટે સળંગ બે તાસ ભેગા કરી ગોઠવવાથી વિદ્યાર્થીઓને એક દિવસમાં વધારે પાઠ્યપુસ્તકો અને નોટબુકો લાવવામાંથી મુક્તિ આપવી જેથી વિદ્યાથીઓના દફતરનું વજન નિયમોનુસાર નિયમન કરી શકાય. તે માટે નીચે મુજબ સમયપત્રક ગોઠવવાનું રહેશે.

  દા.ત., સોમવાર,બુધવાર,શુક્રવાર : ગણિત,ગુજરાતી, સામાજિક વિજ્ઞાન
  
  મંગળવાર,ગુરુવાર,શનિવાર : વિજ્ઞાન,હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત
- તમામ શાળાઓએ જે-તે માધ્યમના વિષયો અનુસાર તેઓની શાળાના સમય (સવારપાળી-૧, સવારપાળી-૨ અને બપોરપાળી) અનુસાર શાળાની પ્રાર્થના, તાસના સમય, રિશેષ, મધ્યાહન ભોજનનો સમય જે તે પાળી અનુસાર જ રહેશે.

➢ **<u>દર શનિવારે દર્શાવેલ સમયે યુનિટ ટેસ્ટ યોજવાનો રહેશે.</u>**

**<u>ધો. ૧ અને ૨ માટે :-</u>**

➢ ગુજરાતી માધ્યમની તમામ શાળાઓ : પ્રજ્ઞા શાળાઓ માટે :

- **<u>ગુજરાતી માધ્યમની તમામ શાળાઓ માટે ધો.૧ અને ૨માં પ્રજ્ઞા અભિગમથી શૈક્ષણિક કાર્ય કરાવવાનું રહેશે</u>**.
- ધો.૧ અને ૨ના વિદ્યાર્થીઓને મિશ્ર કરીને બે ટુકડીમાં વહેચવાના રહેશે.

- ટુકડી-૧ના વિદ્યાર્થીઓએ સોમવાર, બુધવાર, શુક્રવારે ગુજરાતી વિષયના વર્ગખંડમાં અને મંગળવાર, ગુરુવાર અને શનિવારે ગણિત વિષયના વર્ગખંડમાં જે તે પ્રજ્ઞા વિષય શિક્ષક દ્વારા અભ્યાસ કરાવવાનો રહેશે.
- ટુકડી-૨ના વિદ્યાર્થીઓએ સોમવાર, બુધવાર, શુક્રવારે ગણિત વિષયના વર્ગખંડમાં અને મંગળવાર, ગુરુવાર અને શનિવારે ગુજરાતી વિષયના વર્ગખંડમાં જે તે પ્રજ્ઞા વિષય શિક્ષક દ્વારા અભ્યાસ કરાવવાનો રહેશે.

➢ **ગુજરાતી સિવાયના તમામ માધ્યમમાં ધો. ૧ અને ૨માં પાઠયપુસ્તક મંડળ દ્વારા આપવામાં આવેલ પાઠયપુસ્તકો દ્વારા અભ્યાસ કરાવવાનો રહેશે.**

- અન્ય માધ્યમની તમામ શાળાઓમાં **ધો.૧થી ૩માં ગુજરાતી વિષય ફરજિયાત વિષય** તરીકે શિખવવાનો રહેશે.

**મધ્યાહન ભોજન :**

| પાળી | શાળાનો સમય | મધ્યાહન ભોજનનો સમય | |
|---|---|---|---|
| | | સોમવાર થી શુક્રવાર | શનિવાર |
| સવારપાળી-૧ | ૭.૨૦ થી ૧૨.૩૦ | ૧૦.૨૦ થી ૧૧.૦૦ | ૯.૨૦ થી ૧૦.૦૦ |
| સવારપાળી-૨ | ૭.૨૦ થી ૧૨.૫૦ | ૧૦.૩૦ થી ૧૧.૧૦ | ૯.૨૦ થી ૧૦.૦૦ |
| બપોરપાળી | ૧૨.૩૦ થી ૫.૩૦ | ૧૨.૪૦ થી ૧.૦૦ | ૧.૨૦ થી ૨.૦૦ |

- વિદ્યાર્થીઓની ઓનલાઇન હાજરી અને મધ્યાહન ભોજનમાં પુરવામાં આવતી હાજરીમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં તફાવત હોવો જોઈએ નહી.
- વિદ્યાર્થીઓ મધ્યાહન ભોજનપૂર્વે નિયમોનુસાર હાથની સફાઇ કરીને જ બેસે તે સુનિશ્ચિત કરવું.
- વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાંજ મધ્યાહન ભોજન મંગાવવું.
- મધ્યાહન ભોજનના વાસણ સ્વચ્છ અને સુરક્ષિત જગ્યાએ રાખવા.
- વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં પિરસનાર બહેનો પૂર્ણ સ્વચ્છતા સાથે ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરવું.

**બિડાણ :-**

૧. એકંદર સમયપત્રક
૨. સવારપાળી ૧ અને ૨ની શાળાઓ માટે ધો.૧ થી ૮ની તાસ ફાળવણી
૩. બપોરપાળીની શાળાઓ માટે ધો.૧ થી ૮ની તાસ ફાળવણી
૪. સવારપાળી-૧ ધો.૩ થી ૫નું સમયપત્રક
૫. સવારપાળી-૧ ધો.૬ થી ૮નું સમયપત્રક
૬. સવારપાળી-૨ ધો.૩ થી ૫નું સમયપત્રક

૭. સવારપાળી-૨ ધો.૬ થી ૮નું સમયપત્રક

૮. બપોરપાળી ધો.૩ થી ૫નું સમયપત્રક

૯. બપોરપાળી ધો.૬ થી ૮નું સમયપત્રક

તા.૬-૯-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

## ૧. એકંદર સમયપત્રક

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ,અમદાવાદ

## સમયપત્રક

| સવારપાળી - 2 (7-20 to 12-50) | | | | | | સવારપાળી-1 (7-20 to 12-30) | | | | | | બપોરપાળી (12-30 to 5-30) | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સમય (સોમવારથી શુક્રવાર) | | | સમય (શનિવાર) | | | સમય (સોમવારથી શુક્રવાર) | | | સમય (શનિવાર) | | | સમય (સોમવારથી શુક્રવાર) | | | સમય (શનિવાર) | | |
| તાસ ક્રમાંક | સમય | મિનિટ | તાસ ક્રમાંક | સમય | તાસ સમય | તાસ ક્રમાંક | સમય | તાસ સમય | તાસ ક્રમાંક | સમય | તાસ સમય | તાસ ક્રમાંક | સમય | તાસ સમય | તાસ ક્રમાંક | સમય | તાસ સમય |
| પ્રાર્થના | 7:20 to 7:30 | 10 મિનિટ | પ્રાર્થના | 7:20 to7:35 | 15 મિનિટ | પ્રાર્થના | 7:20 to 7:30 | 10 મિનિટ | પ્રાર્થના | 7:20 to7:35 | 15 મિનિટ | પ્રાર્થના | 12:30 to 12:40 | 10 મિનિટ | પ્રાર્થના | 11:30 to 11:50 | 20 મિનિટ |
| 1 | 7:30 to 8:05 | 35 મિનિટ | 1 | 7:35to 8:10 | 35 મિનિટ | 1 | 7:30 to 8:05 | 35 મિનિટ | 1 | 7:35to 8:10 | 35 મિનિટ | મધ્યાહ્ન ભોજન | 12:40 to 1:00 | 20 મિનિટ | 1 યુનિટ ટેસ્ટ | 11:50 to 12:50 | 60 મિનિટ |
| 2 | 8:05to 8:40 | 35 મિનિટ | 2 | 8:10to 8:45 | 35 મિનિટ | 2 | 8:05 to 8:40 | 35 મિનિટ | 2 | 8:10to 8:45 | 35 મિનિટ | 1 | 1:00 to 1:30 | 30 મિનિટ | 2 | 12:50 to 1:20 | 30 મિનિટ |
| વિરામ | 8:40 to 8:50 | 10 મિનિટ | 3 | 8:45to 9:20 | 35 મિનિટ | વિરામ | 8:40 to 8:50 | 10 મિનિટ | 3 | 8:45to 9:20 | 35 મિનિટ | 2 | 1:30 to 2:00 | 30 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | 1:20 to 2:00 | 40 મિનિટ |
| 3 | 8:50 to 9:20 | 30 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | 9:20 to 10:00 | 40 મિનિટ | 3 | 8:50 to 9:20 | 30 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | 9:20 to 10:00 | 40 મિનિટ | 3 | 2:00 to 2:30 | 30 મિનિટ | 3 | 2:00 to 2:30 | 30 મિનિટ |
| 4 | 9:20 to 9:55 | 35 મિનિટ | 4 યુનિટ ટેસ્ટ | 10:00 to 11:00 | 60 મિનિટ | 4 | 9:20 to 9:50 | 30 મિનિટ | 4 યુનિટ ટેસ્ટ | 10:00 to 11:00 | 60 મિનિટ | વિરામ | 2:30 to 3:00 | 30 મિનિટ | 4 | 2:30 to 3:00 | 30 મિનિટ |
| 5 | 9:55 to 10:30 | 35 મિનિટ | 5 | 11:00 to 11:30 | 30 મિનિટ | 5 | 9:50 to 10:20 | 30 મિનિટ | 5 | 11:00 to 11:30 | 30 મિનિટ | 4 | 3:00 to 3:35 | 35 મિનિટ | 5 | 3:00 to 3:30 | 30 મિનિટ |
| મધ્યાહ્ન ભોજન વિરામ | 10:30 to 11:10 | 40 મિનિટ | | | | મધ્યાહ્ન ભોજન વિરામ | 10:20 to 11:00 | 40 મિનિટ | | | | 5 | 3:35 to 4:10 | 35 મિનિટ | | | |
| 6 | 11:10 to 11:45 | 35 મિનિટ | | | | 6 | 11:00 to 11:30 | 30 મિનિટ | | | | વિરામ | 4:10 to 4:20 | 10 મિનિટ | | | |
| 7 | 11:45 to 12:20 | 35 મિનિટ | | | | 7 | 11:30 to 12:00 | 30 મિનિટ | | | | 6 | 4:20 to 4:55 | 35 મિનિટ | | | |
| 8 | 12:20 to 12:50 | 30 મિનિટ | | | | 8 | 12:00 to 12:30 | 30 મિનિટ | | | | 7 | 4:55 to 5:30 | 35 મિનિટ | | | |

## ૨. સવારપાળી ૧ અને ૨ની શાળાઓ માટે ધો.૧ થી ૮ની તાસ ફાળવણી

### સવારપાળી-૧ (૭.૨૦ થી ૧૨.૩૦), સવારપાળી -૨ (૭.૨૦ થી ૧૨.૫૦) ની શાળાઓ માટે તાસ ફાળવણી

| વિષય | ધો.૧ | ધો.૨ | ધો.૩ | | ધો.૪ | | ધો.૫ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર |
| ગુજરાતી | 22 | 22 | 13 | 12 | 12 | 11 | 10 | 10 |
| ગણિત | 22 | 22 | 13 | 12 | 12 | 11 | 10 | 10 |
| પર્યાવરણ | | | 11 | 10 | 10 | 10 | 8 | 8 |
| અંગ્રેજી | | | 0 | 3 | 3 | 3 | 5 | 5 |
| હિન્દી | | | 0 | 0 | 0 | 2 | 4 | 4 |
| શા. શિક્ષણ, ચિત્ર, સંગીત, કાર્યાનુભવ | 1 | 1 | 7 | 7 | 7 | 7 | 7 | 7 |
| યુનિટ ટેસ્ટ | | | 1 | 1 | 1 | 1 | 1 | 1 |
| કુલ | **45** | **45** | **45** | **45** | **45** | **45** | **45** | **45** |

| વિષય | ધો. ૬ થી ૮ |
|---|---|
| ગુજરાતી | 7 |
| હિન્દી | 5 |
| અંગ્રેજી | 6 |
| સંસ્કૃત | 2 |
| ગણિત | 8 |
| વિજ્ઞાન | 5 |
| સામાજિક વિજ્ઞાન | 6 |
| શા. શિક્ષણ, ચિત્ર, સંગીત | 4 |
| શાળા પુસ્તકાલય | 1 |
| યુનિટ ટેસ્ટ | 1 |
| કુલ | **45** |

## ૩. બપોરપાળીની શાળાઓ માટે ધો.૧ થી ૮ની તાસ ફાળવણી

### બપોરપાળી (૧૨.૩૦ થી ૫.૩૦) ની શાળાઓ માટે તાસ ફાળવણી

| વિષય | ધો.૧ | ધો.૨ | ધો.૩ | | ધો.૪ | | ધો.૫ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર |
| ગુજરાતી | 20 | 20 | 13 | 12 | 12 | 11 | 10 | 10 |
| ગણિત | 19 | 19 | 13 | 12 | 12 | 11 | 10 | 10 |
| પર્યાવરણ | | | 11 | 10 | 10 | 10 | 8 | 8 |
| અંગ્રેજી | | | 0 | 3 | 3 | 3 | 5 | 5 |
| હિન્દી | | | 0 | 0 | 0 | 2 | 4 | 4 |
| શા. શિક્ષણ, ચિત્ર, સંગીત, કાર્યાનુભવ | 1 | 1 | 2 | 2 | 2 | 2 | 2 | 2 |
| યુનિટ ટેસ્ટ | | | 1 | 1 | 1 | 1 | 1 | 1 |
| કુલ | **40** | **40** | **40** | **40** | **40** | **40** | **40** | **40** |

| વિષય | ધો. ૬ થી ૮ |
|---|---|
| ગુજરાતી | 6 |
| હિન્દી | 5 |
| અંગ્રેજી | 5 |
| સંસ્કૃત | 2 |
| ગણિત | 8 |
| વિજ્ઞાન | 5 |
| સામાજિક વિજ્ઞાન | 5 |
| શા. શિક્ષણ, ચિત્ર, સંગીત | 2 |
| શાળા પુસ્તકાલય | 1 |
| યુનિટ ટેસ્ટ | 1 |
| કુલ | **40** |

૪. સવારપાળી-૧ ધા.ઉ થી ૫નુ સમયપત્રક

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ,અમદાવાદ

## સવારપાળી-1 (૭.૨૦ થી ૧૨.30 ) નું ધો. 3 થી ૫નું સમય પત્રક

| તાસ ક્રમાંક | સમય | | સોમવાર | | | મંગળવાર | | | બુધવાર | | | ગુરુવાર | | | શુક્રવાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 |
| | 7:20 to 7:30 | 10 મિનિટ | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | |
| 1 | 7:30 to 8:05 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 2 | 8:05 to 8:40 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 8:40 to 8:50 | 10 મિનિટ | નાનો વિરામ | | | | | | | | | | | | | | |
| 3 | 8:50 to 9:20 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 4 | 9:20 to 9:50 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 5 | 9:50 to 10:20 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 10:20 to 11:00 | 40 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | | | | | | | | | | | | | | |
| 6 | 11:00 to 11:30 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 7 | 11:30 to 12:00 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 8 | 12:00 to 12:30 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |

| તાસ ક્રમાંક | સમય | | શનિવાર | | |
|---|---|---|---|---|---|
| | | | ધો: 3 | ધો: 4 | ધો: 5 |
| | 7:20 to7:35 | 15 મિનિટ | પ્રાર્થના અને સંઘ વ્યાયામ | | |
| 1 | 7:35to 8:10 | 35 મિનિટ | | | |
| 2 | 8:10to 8:45 | 35 મિનિટ | | | |
| 3 | 8:45to 9:20 | 35 મિનિટ | | | |
| | 9:20 to 10:00 | 40 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | | |
| 4 | 10:00 to 11:00 | 60 મિનિટ | યુનિટ ટેસ્ટ | | |
| 5 | 11:00 to 11:30 | 30 મિનિટ | | | |

### ૫. સવારપાળી-૧ ધો.૬ થી ૮નું સમયપત્રક

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ,અમદાવાદ

## સવારપાળી-1 (૭.૨૦ થી ૧૨.૩૦ ) નું ધો. ૬ થી ૮નું સમય પત્રક

| તાસ ક્રમાંક | સમય | | સોમવાર | | | મંગળવાર | | | બુધવાર | | | ગુરુવાર | | | શુક્રવાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 |
| | 7:20 to 7:30 | 10 મિનિટ | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | |
| 1 | 7:30 to 8:05 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 2 | 8:05 to 8:40 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 8:40 to 8:50 | 10 મિનિટ | નાનો વિરામ | | | | | | | | | | | | | | |
| 3 | 8:50 to 9:20 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 4 | 9:20 to 9:50 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 5 | 9:50 to 10:20 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 10:20 to 11:00 | 40 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | | | | | | | | | | | | | | |
| 6 | 11:00 to 11:30 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 7 | 11:30 to 12:00 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 8 | 12:00 to 12:30 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |

| તાસ ક્રમાંક | સમય | | શનિવાર | | |
|---|---|---|---|---|---|
| | | | ધો: 6 | ધો: 7 | ધો: 8 |
| | 7:20 to7:35 | 15 મિનિટ | પ્રાર્થના અને સંઘ વ્યાયામ | | |
| 1 | 7:35to 8:10 | 35 મિનિટ | | | |
| 2 | 8:10to 8:45 | 35 મિનિટ | | | |
| 3 | 8:45to 9:20 | 35 મિનિટ | | | |
| | 9:20 to 10:00 | 40 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | | |
| 4 | 10:00 to 11:00 | 60 મિનિટ | યુનિટ ટેસ્ટ | | |
| 5 | 11:00 to 11:30 | 30 મિનિટ | | | |

૬. સવારપાળી-૨ ધો.૩ થી ૫નું સમયપત્રક

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ,અમદાવાદ

## સવારપાળી-૨ (7-20 to 12-50) સમયવાળી શાળા માટે ધો.૩ થી ૫ નું સમય પત્રક

| તાસ ક્રમાંક | સમય | | સોમવાર | | | મંગળવાર | | | બુધવાર | | | ગુરુવાર | | | શુક્રવાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સમય | મિનિટ | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 |
| 0 | 7:20 to 7:30 | 10 મિનિટ | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | |
| 1 | 7:30 to 8:05 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 2 | 8:05to 8:40 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 8:40 to 8:50 | 10 મિનિટ | નાનો વિરામ | | | | | | | | | | | | | | |
| 3 | 8:50 to 9:20 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 4 | 9:20 to 9:55 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 5 | 9:55 to 10:30 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 10:30 to 11:10 | 40 મિનિટ | મધ્યાહ્ન ભોજન  વિરામ | | | | | | | | | | | | | | |
| 6 | 11:10 to 11:45 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 7 | 11:45 to 12:20 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 8 | 12:20 to 12:50 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |

| તાસ ક્રમાંક | સમય | | શનિવાર | | |
|---|---|---|---|---|---|
| | | | ધો: 3 | ધો: 4 | ધો: 5 |
| | 7:20 to7:35 | 15 મિનિટ | પ્રાર્થના અને સંઘ વ્યાયામ | | |
| 1 | 7:35to 8:10 | 35 મિનિટ | | | |
| 2 | 8:10to 8:45 | 35 મિનિટ | | | |
| 3 | 8:45to 9:20 | 35 મિનિટ | | | |
| | 9:20 to 10:00 | 40 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | | |
| 4 | 10:00 to 11:00 | 60 મિનિટ | યુનિટ ટેસ્ટ | | |
| 5 | 11:00 to 11:30 | 30 મિનિટ | | | |

### ૭. સવારપાળી-૨ ધો.૬ થી ૮નું સમયપત્રક

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ,અમદાવાદ

## સવારપાળી-૨ (7-20 to 12-50) સમયવાળી શાળામાં ધો. ૬ થી ૮ માટેનું સમય પત્રક

| તાસ ક્રમાંક | સમય | | સોમવાર | | | મંગળવાર | | | બુધવાર | | | ગુરુવાર | | | શુક્રવાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સમય | મિનિટ | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 |
| 0 | 7:20 to 7:30 | 10 મિનિટ | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | |
| 1 | 7:30 to 8:05 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 2 | 8:05to 8:40 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 8:40 to 8:50 | 10 મિનિટ | નાનો વિરામ | | | | | | | | | | | | | | |
| 3 | 8:50 to 9:20 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 4 | 9:20 to 9:55 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 5 | 9:55 to 10:30 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 10:30 to 11:10 | 40 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | | | | | | | | | | | | | | |
| 6 | 11:10 to 11:45 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 7 | 11:45 to 12:20 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 8 | 12:20 to 12:50 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |

| તાસ ક્રમાંક | સમય | | શનિવાર | | |
|---|---|---|---|---|---|
| | | | ધો: 6 | ધો: 7 | ધો: 8 |
| | 7:20 to7:35 | 15 મિનિટ | પ્રાર્થના અને સંઘ વ્યાયામ | | |
| 1 | 7:35to 8:10 | 35 મિનિટ | | | |
| 2 | 8:10to 8:45 | 35 મિનિટ | | | |
| 3 | 8:45to 9:20 | 35 મિનિટ | | | |
| | 9:20 to 10:00 | 40 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | | |
| 4 | 10:00 to 11:00 | 60 મિનિટ | યુનિટ ટેસ્ટ | | |
| 5 | 11:00 to 11:30 | 30 મિનિટ | | | |

૮. બપોરપાળી ધો.૩ થી ૫નું સમયપત્રક

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ,અમદાવાદ

## બપોરપાળી (૧૨.૩૦ થી ૫.૩૦ )ની શાળા માટે ધો. ૩ થી ૫નું સમય પત્રક

| તાસ ક્રમાંક | સમય | | સોમવાર | | | મંગળવાર | | | બુધવાર | | | ગુરુવાર | | | શુક્રવાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 | ધો: 3 | ધો: 4 | ધો: 5 |
| 0 | 12:30 to 12:40 | 10 મિનિટ | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | |
| 1 | 12:40 to 1:00 | 20 મિનિટ | મધ્યાહન ભોજન | | | | | | | | | | | | | | |
| 2 | 1:00 to 1:30 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 3 | 1:30 to 2:00 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 4 | 2:00 to 2:30 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 2:30 to 3:00 | 30 મિનિટ | વિરામ | | | | | | | | | | | | | | |
| 5 | 3:00 to 3:35 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 6 | 3:35 to 4:10 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 4:10 to 4:20 | 10 મિનિટ | વિરામ | | | | | | | | | | | | | | |
| 7 | 4:20 to 4:55 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 8 | 4:55 to 5:30 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |

| તાસ ક્રમાંક | સમય | | શનિવાર | | |
|---|---|---|---|---|---|
| | | | ધો: 3 | ધો: 4 | ધો: 5 |
| | 11:30 to 11:50 | 20 મિનિટ | પ્રાર્થના અને સંઘ વ્યાયામ | | |
| 1 | 11:50 to 12:50 | 60 મિનિટ | યુનિટ ટેસ્ટ | | |
| 2 | 12:50 to 1:20 | 30 મિનિટ | | | |
| | 1:20 to 2:00 | 40 મિનિટ | મધ્યાહન ભોજન વિરામ | | |
| 3 | 2:00 to 2:30 | 30 મિનિટ | | | |
| 4 | 2:30 to 3:00 | 30 મિનિટ | | | |
| 5 | 3:00 to 3:30 | 30 મિનિટ | | | |

૯. બપોરપાળી ધો.૬ થી ૮નું સમયપત્રક

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ,અમદાવાદ

## બપોરપાળી (૧૨.૩૦ થી ૫.૩૦ )ની શાળા માટે ધો. ૬ થી ૮નું સમય પત્રક

| તાસ ક્રમાંક | સમય | | સોમવાર | | | મંગળવાર | | | બુધવાર | | | ગુરુવાર | | | શુક્રવાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 | ધો: 6 | ધો: 7 | ધો: 8 |
| 0 | 12:30 to 12:40 | 10 મિનિટ | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | |
| 1 | 12:40 to 1:00 | 20 મિનિટ | મધ્યાહ્ન ભોજન | | | | | | | | | | | | | | |
| 2 | 1:00 to 1:30 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 3 | 1:30 to 2:00 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 4 | 2:00 to 2:30 | 30 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 2:30 to 3:00 | 30 મિનિટ | વિરામ | | | | | | | | | | | | | | |
| 5 | 3:00 to 3:35 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 6 | 3:35 to 4:10 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| | 4:10 to 4:20 | 10 મિનિટ | વિરામ | | | | | | | | | | | | | | |
| 7 | 4:20 to 4:55 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |
| 8 | 4:55 to 5:30 | 35 મિનિટ | | | | | | | | | | | | | | | |

| તાસ ક્રમાંક | સમય | | શનિવાર | | |
|---|---|---|---|---|---|
| | | | ધો: 6 | ધો: 7 | ધો: 8 |
| | 11:30 to 11:50 | 20 મિનિટ | પ્રાર્થના અને સંઘ વ્યાયામ | | |
| 1 | 11:50 to 12:50 | 60 મિનિટ | યુનિટ ટેસ્ટ | | |
| 2 | 12:50 to 1:20 | 30 મિનિટ | | | |
| | 1:20 to 2:00 | 40 મિનિટ | મધ્યાહ્ન ભોજન વિરામ | | |
| 3 | 2:00 to 2:30 | 30 મિનિટ | | | |
| 4 | 2:30 to 3:00 | 30 મિનિટ | | | |
| 5 | 3:00 to 3:30 | 30 મિનિટ | | | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૫-A તા.૬-૯-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના બાબત.

સંદર્ભ : રાપબો/**NMMS**/૨૦૧૯/૫૨૮૨-૫૪૧૨ તા.૦૪/૦૯/૨૦૧૯.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યમાં નબળી આર્થિક સ્થિતી ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધો.૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના **MHRD,NEW DELHI** તરફથી અમલમાં મુકવામાં આવેલ છે. રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા તા.૨૨/૧૨/૨૦૧૯ને રવિવારના રોજ શિષ્યવૃત્તિ માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે પરીક્ષા યોજવામાં આવશે.આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઈટ પર તા.૧૦/૦૯/૨૦૧૯ થી તા.૧૦/૧૦૨૦૧૯ દરમિયાન ઓનલાઈન ભરવાના રહેશે.

આ પરીક્ષામાં ભાગ લીધેલ બાળકોની સંખ્યાના આધારે ગુણોત્સવમાં ગુણભાર નક્કી કરેલ હોવાથી તમારી શાળામાંથી ધોરણ ૮ ના વધારેમાં વધારે બાળકો ભાગ લે તેવા પ્રયત્નો કરવા.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | www.sebexam.org વેબસાઈટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઈન ભરવા માટેનો સમયગાળો | ૧૦/૦૯/૨૦૧૯ થી ૧૦/૧૦/૨૦૧૯ |
| ૨ | પરીક્ષા માટેની ફી ભરવાનો સમયગાળો | ૧૦/૦૯/૨૦૧૯ થી ૧૧/૧૦/૨૦૧૯ |
| ૩ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો સીઆરસી કો.ઓ.ને જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૨/૧૦/૨૦૧૯ |
| ૪ | સીઆરસી કો.ઓ દ્વારા ચકાસેલા આવેદનપત્રો યાદી સાથે યુઆરસી કો.ઓ.ને જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૫/૧૦/૨૦૧૯ |
| ૫ | યુઆરસી કો.ઓ દ્વારા ઓનલાઈન એપ્રુવ કરીને ઉસ્માનપુરા શાળા નં – ૨ ખાતે જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૧/૧૦/૨૦૧૯ |
| ૬ | પરીક્ષાની તારીખ | ૨૨/૧૨/૨૦૧૯ |

આ સાથે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મોકલેલ જાહેરનામાનો વિગતે અભ્યાસ કરી આવેદનપત્રો ભરવાના રહેશે.

બિડાણ :રાજ્ય પરીક્ષા બોર્ડનું તા.૦૪/૦૯/૨૦૧૯ નું જાહેરનામું.

તા.૬-૯-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના"**

**"National means cum merit Scholarship Scheme"**

**જાહેરનામા ક્રમાંક:રાપબો/NMMS/૨૦૧૯/૫૨૮૨-૫૪૧૨** **તા:૦૪/૦૯/૨૦૧૯**

રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધોરણ-૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (N.M.M.S) નામની યોજના MHRD, NEW DILHI તરફથી અમલમાં મુકવામાં આવેલ છે. રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા **તા:૨૨/૧૨/૨૦૧૯, રવિવારના** રોજ આ શિષ્યવૃત્તિ માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે પરીક્ષા યોજવામાં આવશે.

**આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા:૧૦/૦૯/૨૦૧૯ થી તા:૧૦/૧૦/૨૦૧૯ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.**

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૦૬/૦૯/૨૦૧૯ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૧૦/૦૯/૨૦૧૯ થી ૧૦/૧૦/૨૦૧૯ |
| ૩ | પરીક્ષા માટેની ફી ભરવાનો સમયગાળો | ૧૦/૦૯/૨૦૧૯ થી ૧૧/૧૦/૨૦૧૯ |
| ૪ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૧/૧૦/૨૦૧૯ |
| ૫ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૫/૧૦/૨૦૧૯ |
| ૬ | DPEO કચેરી દ્વારા તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૩૦/૧૦/૨૦૧૯ |
| ૭ | પરીક્ષા તારીખ | ૨૨/૧૨/૨૦૧૯ |

## ❖ <u>શિષ્યવૃત્તિની રકમ તથા ચૂકવણીના નિયમો :</u>

- પરીક્ષા બાદ જિલ્લાવાર કેટેગરીવાર નિયત ક્વોટામાં મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને માસિક રૂ! ૧૦૦૦/- લેખે વાર્ષિક રૂ! ૧૨૦૦૦/- મુજબ ચાર વર્ષ સુધી નિયત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

- શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી MHRDની ગાઇડલાઇન અનુસાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય(એમ.એચ.આર.ડી),ન્યુ દિલ્હી દ્વારા થશે.
- શિષ્યવૃત્તિની રકમ MHRD દ્વારા સીધી જ લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં National Scholarship Portal મારફતે થશે.

## ❖ <u>વિદ્યાર્થીની લાયકાત :</u>

- જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮માં **<u>સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં</u>** અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ N.M.M.S ની પરીક્ષા આપી શકશે.
- જનરલ કેટેગરી તથા ઓ.બી.સી. કેટેગરીના વિદ્યાર્થીએ ધોરણ-૭ માં ઓછામાં ઓછા ૫૫% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) વિદ્યાર્થીએ ધોરણ-**૭**માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ**.**
- તમામ કેટેગરીના વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક રૂ! ૧,૫૦,૦૦૦/-થી વધુ ના હોય તેવા જ વિદ્યાર્થી આ પરીક્ષા આપી શકશે.
- **<u>ખાનગી શાળાઓ (પ્રાઇવેટ શાળા/સેલ્ફ ફાઇનાન્સ શાળા), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય તથા જે શાળાઓમાં રહેવા, જમવા અને અભ્યાસની સગવડ પૂરી પાડવામાં આવતી હોય તેવી રાજ્ય સરકારની સંસ્થાઓ દ્વારા ચાલતી નિવાસી શાળાના વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં આવેદનપત્ર ભરી શકશે નહિ.</u>**

## ❖ <u>આવક મર્યાદા :</u>

- એન.એમ.એમ.એસ.ની પરીક્ષા માટે નક્કી થયા મુજબ ઉમેદવારના વાલીની વાર્ષિક આવક ૧,૫૦,૦૦૦/-થી વધારે ના હોવી જોઇએ.વિદ્યાર્થીના આવેદનપત્ર સાથે વાલીની વાર્ષિક આવકના દાખલાની પ્રમાણીત નકલ અવશ્ય જોડવાની રહેશે.

## ❖ <u>પરીક્ષા ફી :</u>

- જનરલ કેટેગરી તથા ઓ.બી.સી. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા.૭૦/- રહેશે.
- પી.એચ.,એસ.સી. તથા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા.૫૦/- રહેશે.
- સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.
- કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

**<u>ફી સ્વીકારકેન્દ્રઃ-</u>**

- ફી સ્વીકાર કેન્દ્ર તરીકે ગુજરાતની કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસોમાં આવેદનપત્ર ભર્યા બાદ ફીના ચલણની પ્રિન્ટ કાઢી ફી ભરી શકાશે. ત્રણ ભાગમાં પ્રિન્ટ થયેલ ચલણ પૈકી બે ભાગ પોસ્ટ ઓફીસ દ્વારા

પરત આપવામાં આવશે. પોસ્ટ ઑફીસ દ્વારા ફી ભરનારને પોસ્ટ ઑફીસ દ્વારા આપવામાં આવતી રીસીપ્ટ સાથે જે તે કન્ફર્મેશન નંબરથી જ ફી ભરાયેલ છે કે નહિ તેની ચકાસણી કરી લેવાની રહેશે.

- ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા "ATM CARD/NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે "Print Application/Challan" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ "Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of fee" અથવા "Other Payment Mode"ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઇન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ૨૪ કલાકમાં e-receipt જનરેટ ન થઇ હોય તો તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલથી સંપર્ક કરવાનો રહેશે.

## ❖ પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ :

| કસોટીનો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) MAT બૌધ્ધિક યોગ્યતા કસોટી | ૯૦ | ૯૦ | ૯૦ મિનીટ |
| (૨) SAT શૈક્ષણિક યોગ્યતા કસોટી | ૯૦ | ૯૦ | ૯૦ મિનીટ |

## ❖ અભ્યાસક્રમ:

- MAT બૌધ્ધિક યોગ્યતા કસોટીના ૯૦ પ્રશ્નો શાબ્દીક અને અશાબ્દીક તાર્કીક ગણતરીના રહેશે. આ પ્રશ્નોમાં સાદ્રશ્ય (Analogy), વર્ગીકરણ (Classification), સંખ્યાત્મક શ્રેણી (Numerical Series), પેર્ટન (Pattern Perception) , છુપાયેલી આકૃતિ (Hidden Figure) વિગેરેનો સમાવેશ થશે.
- SAT શૈક્ષણિક યોગ્યતા કસોટીના ૯૦ પ્રશ્નોમાં ધોરણ-૭ અને ધોરણ-૮ ના ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયનો સમાવેશ થશે.
    - ધોરણ-૭ માટે શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૧૯ નો અભ્યાસક્રમ રહેશે.
    - ધોરણ-૮ માટે શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦ નો પ્રથમ સત્રનો અભ્યાસક્રમ રહેશે.

## ❖ ક્વૉલિફાઇંગ ગુણ:

- જનરલ અને ઓ.બી.સી. કેટેગરીના વિદ્યાર્થીઓએ બંન્ને વિભાગમાં કુલ મળીને ૪૦% ગુણ મેળવવાના રહેશે તથા એસ.સી. તથા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓએ બંન્ને વિભાગમાં કુલ મળીને ૩૨% ગુણ મેળવવાના રહેશે.
- ક્વૉલિફાઇંગ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી જિલ્લાવાર-કેટેગરીવાર નક્કી થયેલ ક્વૉટા મુજબ મેરીટમાં આવતા વિદ્યાર્થીઓ જ શિષ્યવૃત્તિ માટે પાત્ર ઠરશે.

## ❖ પી.એચ. કેટેગરીનું વર્ગીકરણ:

- પી.એચ. કેટેગરીનું નીચે દર્શાવેલ અલગ અલગ સબકેટેગરીમાં વર્ગીકરણ રહેશે.

a) Blindness and Low Vision (BLV)

b) Deaf and hard of hearing (DH)

c) Locomotor disability including cerebral palsy, leprosy cured, dwarfism, acid attack victims and muscular dystrophy (LD)

d) Autism, intellectual disabilities, specific learning disability and mental illness (AID)

e) Multiple disabilities from amongst persons under clauses (a) to (d) including deaf-blindness in the posts identified for each disabilities (MD)

❖ **કસોટીનું માળખુ:**

- પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી તેમજ ગુજરાતી રહેશે. વિદ્યાર્થી જે માધ્યમ પસંદ કરશે તે માધ્યમનું પ્રશ્નપત્ર આપવામાં આવશે.
- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question-MCQ Based) રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- **અંધ વિદ્યાર્થીઓને ૩૦ મિનીટનો વધારાનો સમય મળવાપાત્ર થશે.**

❖ **ઓનલાઇન અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. **તા.૧૦/૦૯/૨૦૧૯ (બપોરે ૧૫.૦૦ કલાક) થી તા:૧૦/૧૦/૨૦૧૯ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી)** www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા બાદ ફી ભર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- "Apply online" ઉપર Click કરવું.
- "National means cum merit Scholarship Scheme"- (STD-8)" સામે Apply Now પર Click કરવું.
- **Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.**
- **વિદ્યાર્થીની વિગતો U-DISE Number ના આધારે ભરવાની રહેશે.**
- **શાળાની વિગતો માટે શાળાનો DISE Number નાખવાનો રહેશે.**
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં Application Number Generate થશે. જે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાંJPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

- હવે Confirm Application પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. <u>અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.</u>
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં અથવા ઓનલાઇન પેમેન્ટ ગેટ વે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.

❖ **<u>જરૂરી આધારો / પ્રમાણપત્રો</u> :**

**ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ સાથે નીચે મુજબના આધારો/ પ્રમાણપત્રો જોડવાના રહેશે.**

- ફી ભર્યાનું ચલણ (માત્ર SEB કોપી)
- આવકના દાખલાની પ્રમાણિત નકલ
- ધોરણ-૭ ની માર્કશીટ અથવા સમકક્ષ પુરાવો કે દાખલો
- જાતિ અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (જો લાગુ પડતુ હોય તો)
- વિકલાંગતા અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (જો લાગુ પડતુ હોય તો)

❖ **<u>શાળાએ કરવાની કાર્યવાહી</u>:**

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા-૨૧/૧૦/૨૦૧૯</u> સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

❖ **<u>તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીએ કરવાની કાર્યવાહી</u>:**

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૨૫/૧૦/૨૦૧૯</u> ઓનલાઇન એપ્રુવ કરવાના રહેશે તથા તમામ આવેદનપત્રોની હાર્ડકોપી <u>તા:૨૫/૧૦/૨૦૧૯</u> સુધીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

❖ **<u>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીએ કરવાની કાર્યવાહી:</u>**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી **<u>તા:૩૦/૧૦/૨૦૧૯</u>** સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે.

❖ **<u>માર્ગદર્શક સૂચનાઓ ::</u>**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ/ શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ **<u>સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તથા લોકલ બોડી</u>** શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) આ જાહેરનામાંની નકલ **<u>તા-૦૮/૦૯/૨૦૧૯</u>** સુધીમાં ફરજીયાતપણે પોંહચાડવાની રહેશે.
- આ પ્રકારની કોઇપણ શાળામાંથી જાહેરનામું ના મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીની રહેશે.
- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે **<u>તા-૨૧/૧૦/૨૦૧૯</u>** સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર **<u>તા:૨૫/૧૦/૨૦૧૯</u>** ઓનલાઇન એપ્રુવ કર્યા બાદ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી **<u>તા:૩૦/૧૦/૨૦૧૯</u>** સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ **<u>અગત્યની સૂચનાઓ ::</u>**

- **વિદ્યાર્થી અથવા શાળા દ્વારા તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલવામાં આવશે તો તે રદ ગણવામાં આવશે.**
- **અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. નામ, અટક, જન્મતારીખ, જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**
- **જો ફોર્મ ભરતી વખતે કોઇપણ નામ, અટક, જન્મતારીખ, જાતિ કે અન્ય કોઇ ભુલ હોય અથવા આધાર ડાયસ નંબર નાખતા વિધાર્થીનું નામ ન દેખાય તો વિધાર્થી હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી વિધાર્થીના આધાર ડાયસ નંબરની વિગતમાં આચાર્યશ્રી દ્વારા સુધારો કરવાનો રહેશે. સુધારો થયાના ૨૪ કલાક બાદ આવેદનપત્ર ભરી શકાશે.**

- **આવેદનપત્ર ભરવાના છેલ્લા દિવસોમાં આધાર ડાયસની કોઇપણ ભુલ વિગતમાં કરાયેલ સુધારો ધ્યાને લેવામાં નહીં આવે આથી ફોર્મ ભરનારે આવેદન પત્રની સમયમર્યાદા ધ્યાને લઇ આધાર ડાયસમાં સુધારો કરવાનો રહેશે. સુધારા કરવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.**
- **અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.**
- **જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ થયા અંગેની પ્રેસનોટ આપી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.**
- **વિદ્યાર્થી હિતને ધ્યાને લઇ, જિલ્લાની દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૫ (પાંચ) વિધાર્થીઓના આવેદનપત્ર ભરાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.**

**સ્થળ: ગાંધીનગર**
**તારીખ: ૦૪ /૦૯/૨૦૧૯**

**(પી.એ.જલુ )**
**અધ્યક્ષ**
**રાજય પરીક્ષા બોર્ડ**
**ગાંધીનગર**

- **<u>નકલ રવાના અમલાર્થે</u>**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
  જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- શાસનાધિકારીશ્રી, તમામ
  આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- મેનેજરશ્રી,બીલડેસ્ક,અમદાવાદ

- **<u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>**

- માન.શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય,ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. – ૯, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- ઉપસચિવશ્રી, એન.એમ.એમ.એસ., એમ.એચ.આર.ડી. વિભાગ, ન્યુ દિલ્હી.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૫-B તા.૬-૯-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સ્વામી વિવેકાનંદના ઐતિહાસિક શિકાગો વ્યાખ્યાનની વર્ષગાંઠ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/સંકલન/૨૦૧૯/૪૭૬૭-૪૮૨૦ તા.૦૩-૦૯-૨૦૧૯.

આથી મ્યુનિસિપલ શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સ્વામી વિવેકાનંદે ઇ.સ.૧૮૯૩ની ૨૭મી,સપ્ટેમ્બરે અમેરિકાના શિકાગો શહેરમાં વિશ્વધર્મપરિષદમાં અદભૂત અને ઐતિહાસિક વ્યાખ્યાન આપેલ હતું. આ વ્યાખ્યાન સમગ્ર વિશ્વ માટે બંધુત્વ અને સંવાદિતાના સંદેશના શાશ્વત વાહક એવા ભારતને ગૌરવ અપાવનાર રહ્યું હતું.

નવી પેઢી આ પ્રંસગથી તેમજ ભારતના સાંસકૃતિક વારસાથી અવગત થઇ પ્રેરણા મેળવે એ હેતુથી આ વ્યાખ્યાનનું તમામ પ્રાથમિક શાળાઓમાં તા.૨૭ મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ સમૂહ પ્રાર્થનામાં વાંચન કરવાનું રહેશે. આ સાથે આપેલ બિડાણમાં સ્વામી વિવેકાનંદે ઇ.સ.૧૮૯૩ ની ૨૭ મી સપ્ટેમ્બરે અમેરિકાના શિકાગો શહેરમાં વિશ્વધર્મપરિષદમાં અદભૂત અને ઐતિહાસિક આપેલ વ્યાખ્યાનની અંગ્રેજી અને ગુજરાતીની નકલ આ સાથે સામેલ છે. તે મુજબ દરેક પ્રાથમિક શાળામાં વાંચન કરાવવાનું રહેશે.

બિડાણઃ- સ્વામી વિવેકાનંદે આપેલ વ્યાખ્યાનની નકલ

તા.૬-૯-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

નોંધ :-

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના પરિપત્ર નં. ૩૦ તા.૩૦-૦૭-૨૦૧૯ મુજબ મહોરમની રજા તા.૧૧-૦૯-૨૦૧૯ના રોજ જાહેર કરેલ હતી. તેમાં ફેરફાર કરી હવેથી તા.૧૦-૦૯-૨૦૧૯ને મંગળવારના રોજ મહોરમની રજા રાખવાની રહેશે.

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૪૭૬૭-૪૮૨૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા.૦૩/૦૯/૨૦૧૯

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- સ્વામી વિવેકાનંદના ઐતિહાસિક શિકાગો વ્યાખ્યાનની ૧૨૫ મી વર્ષગાંઠ બાબત.
સંદર્ભઃ- અધ્યક્ષશ્રી રામકૃષ્ણ મઠ, અમદાવાદનો તા. ૩૧/૦૮/૨૦૧૯નો પત્ર.

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનુ કે, સ્વામી વિવેકાનંદે ઇ.સ.૧૮૯૩ની ૨૭મી સપ્ટેમ્બરે અમેરિકાના શિકાગો શહેરમાં વિશ્વધર્મપરિષદમાં અદભૂત અને ઐતિહાસિક વ્યાખ્યાન આપ્યું હતું આ વાખ્યાન સમગ્ર વિશ્વ માટે બંધુત્વ અને સંવાદિતાના સંદેશના શાશ્વત વાહક એવા ભારતને ગૌરવ અપાવનાર રહયું.

નવી પેઢી આ પ્રસંગથી તેમજ ભારતના સાંસ્કૃતિક વારસાથી અવગત થઇ પ્રેરણા મેળવે એ હેતુથી આ વ્યાખ્યાનનું દરેક શાળાઓમાં તા.૨૭ મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ સમૂહપ્રાર્થનામાં વાચન થાય તે માટે સામેલ પત્રને ધ્યાને લઇ આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- સંદર્ભિત પત્ર.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ . . .**
- અધ્યક્ષશ્રી રામકૃષ્ણ મઠ, એ-૨૦૨/૨૦૩,કલ્યાન ટાવર, અલ્ફા મોલ પાસે,વસ્ત્રાપુર, અમદાવાદ-

Scanned by CamScanner

Phone : (079) 26303409
Email - ahmedabad@rkmm.org
Web. www.ramakrishnaah.org

**Ramakrishna Math, Ahmedabad**
(A sub-centre of Shri Ramakrishna Ashrama, Rajkot)
A-202/203, Kalyan Tower, Opp. Alpha One Mall,
Vastrapur, Ahmedabad – 380015

31 AUG 2019
આવક નં. ૧૧૨૫

તારીખ:- ૩૧/૮/૨૦૧૯

આદરણીય......શ્રી વિનોદ રાવ......

**વિષય: સ્વામી વિવેકાનંદના ઐતિહાસિક શિકાગો વ્યાખ્યાનની 125મી વર્ષગાંઠ બાબત.**

નમસ્કાર,

આપને સુવિદિત જ હશે કે સ્વામી વિવેકાનંદે ઈ.સ. 1893 ની ~~11મી~~ 27મી સપ્ટેમ્બરે અમેરિકાના શિકાગો શહેરમાં વિશ્વધર્મપરિષદમાં અદભૂત અને ઐતિહાસિક વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાન સમગ્ર વિશ્વ માટે બંધુત્વ અને સંવાદિતાના સંદેશના શાશ્વત વાહક એવા ભારતને ગૌરવ અપાવનાર રહ્યું.

નવી પેઢી આ પ્રસંગથી તેમજ ભારતના સાંસ્કૃતિક વારસાથી અવગત થઇ પ્રેરણા મેળવે એ હેતુથી આ વ્યાખ્યાનનું દરેક શાળાઓમાં તા. ~~11~~ 27 મી સપ્ટેમ્બર, 2019 ના રોજ સમૂહપ્રાર્થનામાં વાચન થાય તે માટે આપના તરફથી રાજયની દરેક શાળાઓને આપની કક્ષાએ અનુરોધ કરવા નમ્ર વિનંતિ છે.

આ સાથે સ્વામી વિવેકાનંદના ~~11મી~~ 27મી સપ્ટેમ્બરના ના રોજ અપાયેલા પ્રથમ શિકાગો વ્યાખ્યાની અંગ્રેજી, હિંદી તેમજ ગુજરાતી ભાષામાં PDF File મોકલાવી આપીએ છીએ.

આપના સકારાત્મક સહયોગથી અપેક્ષા સહ,

Director, Primary Education
31/8


સંકલન પરિપત્ર કરશો
31/8

અધ્યક્ષ
સ્વામી નિખિલેશ્વરાનંદ
(રામકૃષ્ણ મઠ, અમદાવાદ)

Scanned by CamScanner

# શિકાગો વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદનું પ્રવચન

## ૨૭મી સપ્ટેમ્બર, ૧૮૮૩



વિશ્વધર્મ પરિષદ એ વાસ્તવિકતા બની છે. એને અસ્તિત્વમાં લાવવાની મહેનત કરનારાઓને પરમકૃપાળુ પરમાત્માએ સહાય કરી છે અને એમના પરમ નિ:સ્વાર્થ શ્રમને સફળતા મળી છે.

આવુ અજબ સ્વપ્ન પ્રથમ સેવનાર, સત્યસેવી, ઉદારહૃદયી અભિજાત આત્માઓનો હું આભાર માનું છું. આવું સ્વપ્ન સેવીને એને પાર પાડવા માટે હું તેમનો આભાર માનું છું. આ વ્યાસપીઠ પર જે ઉદાર વિચારોની, જે ઉમદા લાગણીઓની વર્ષા છલકાઇ છે તે માટે હું આભાર માનું છું. મારા પ્રત્યે સતત દર્શાવવામાં આવેલી સહાનુભૂતિ માટે આ બુધ્ધિશાળી શ્રોતાવર્ગનો, તેમજ ધર્મ ધર્મ વચ્ચેના સંઘર્ષણને હળવું બનાવે એવા દરેક વિચાર પ્રત્યેની એમની કદરદાનીનો હું આભાર માનું છું. આ સુસંવાદિતામાં વચ્ચે કોઇવાર કર્કશતા આવતી હતી; એ કર્કશતા લાવનારનો પણ હું આભાર માનું છું, કેમ કે એ કર્કશતાને લીધે સામાન્ય સંવાદિતામાં વધુ મધુરતા આવી છે.

ધાર્મિક એકતાની સામાન્ય મિલનભૂમિ વિશે ઘણું કહેવાયું છે, આ સમયે હું મારો પોતાનો મત જાહેર કરવા માગતો નથી. પણ જો તમારામાંના કોઇની એવી માન્યતા હોય કે બીજા ધર્મોનો પરાભવ કરીને કોઇ એક ધર્મના વિજયમાંથી આ એકતા આવશે, તો એને હું કહેવા માગું છું કે, "ભાઇ! તમારી આશા ફળે એ અશક્ય છે." ખ્રિસ્તીધર્મી હિંદુ થાય એવી આશા હું સેવું? ના, ભાઇ ! ના. હિંદુધર્મી કે બૌદ્ધધર્મી ખ્રિસ્તી થાય એવી આશા હું સેવું? નહીં જ.

બીજને ખેતરમાં વાવવામાં આવ્યું છે અને એની આસપાસ માટી, હવા અને પાણી સીંચવામાં આવ્યાં છે. બીજ શું માટી થશે, હવા થશે, પાણી બનશે? ના ભાઇ ! ના. એ છોડ થશે; એના વિકાસના નિયમ અનુસાર એ વિકાસ પામશે. એ હવાને પચાવશે, માટીને પચાવશે, પાણીને પચાવશે અને બીજ આખરે એક છોડ રૂપે જ વિકસશે.

આવું જ કંઇક ધર્મ વિશે છે. ખ્રિસ્તી ધર્મીએ હિંદુ ધર્મી કે બૌદ્ધધર્મી થવાનું નથી, હિંદુધર્મી કે બૌદ્ધધર્મીએ ખ્રિસ્તી થવાનું નથી, પણ એકબીજાએ એકબીજાનાં તત્વોને પચાવવાનાં છે અને તે સાથે પોતાનું મૂળ સ્વરૂપ જાળવી રાખવાનું છે, પોતાના વિકાસના નિયમાનુસાર વિકાસ મેળવવાનો છે.

વિશ્વધર્મ પરિષદે જગતને જો કાંઇ આપ્યુ હોય તો તે આ છે: પવિત્રતા, શુદ્ધિ અને દયા એ જગતના કોઇ એકાદ ધર્મનો સુવાંગ ઇજારો નથી. દરેક ધર્મે ખૂબ જ ઉચ્ચ ચારિત્ર્યવાળાં સ્ત્રી અને પુરુષો આપ્યાં છે. આ બધો પુરાવો હોવા છતાં પણ જો કોઇ પોતાનો જ ધર્મ સુવાંગ જીવે અને અન્ય ધર્મ નાશ પામે એવું સ્વપ્ન સેવતો હોય, તો મારા હૃદયના ઊંડાણમાંથી એવા પર મને દયા આવે છે. હું એવાને કહું છું કે, ગમે એટલો સામનો કરવામાં આવે છતાં પણ દરેક ધર્મના ધ્વજ પર સત્વરે આ પ્રમાણે લખાશે: "સહાય; પરસ્પર વેર નહીં." "સમન્વય; વિનાશ નહીં" "સંવાદિતા અને શાંતિ; કલહ નહીં."

– સ્વામી વિવેકાનંદ

Scanned by CamScanner

# शिकागो विश्वधर्म परिषद में स्वामी विवेकानंद का प्रवचन
## (२७ सितम्बर, १८९३ ई)



विश्व-धर्म-महासभा एक मूर्तिमान तथ्य सिद्ध हो गयी है, दयामय प्रभु ने उन लोगों की सहायता की है, जिन्होंने इसका आयोजन किया तथा उनके परम निःस्वार्थ श्रम को सफलता से विभूषित किया है।

उन महानुभावों को मेरा धन्यवाद है, जिनके विशाल हृदय तथा सत्य के प्रति अनुराग ने पहले इस उद्‌भुत स्वप्न को देखा और फिर उसे कार्यरुप में परिणत किया। उन उदार भावों को मेरा धन्यवाद, जिनसे यह सभामंच आप्लावित होता रहा है। इस प्रबुद्ध श्रोतुमंडली को मेरा धन्यवाद, जिसने मुझ पर अविकल कृपा रखी है और जिसने मत-मतान्तरों के मनोमालिन्य को हल्का करने का प्रयत्न करनेवाले प्रत्येक विचार का सत्कार किया है। इस समसुरता में कुछ बेसुरे स्वर भी बीच बीच में सुने गये हैं। उन्हें मेरा विशेष धन्यवाद, क्योंकि उन्होंने अपने स्वर-वैचित्र्य से इस समरसता को और भी मधुर बना दिया है।

धार्मिक एकता की सर्वसामान्य भित्ति के विषय में बहुत कुछ कहा जा चुका है। इस समय मैं इस सम्बन्ध में अपना मत आपके समक्ष नही रखूँगा। किंतु यदि यहाँ कोई वह आशा कर रहा है कि यह एकता किसी एक धर्म की विजय और बाकी सब धर्मो के विनाश से सिद्ध होगी, तो उनसे मेरा कहना है कि "भाई, तुम्हारी यह आशा असम्भव है।"कया मैं यह चाहता हूँ कि ईसाई लोग हिन्दू हो जायँ? कदापि नहीं, ईश्वर ऐसा न करे! क्या मेरी यह इच्छा हैं कि हिन्दू या बोद्ध लोग ईसाई हो जायँ? ईश्वर इस इच्छा से बचाये!

बीज भूमि में बो दिया गया और मिट्टी, वायु तथा जल उसके चारों और रख दिये गये। तो क्या वह बीज मिट्टी हो जाता हैं, अथवा वायु या जल बन जाता है? नहीं; वह तो वृक्ष ही होता है, वह अपनी वृद्धि के नियम से ही बढता है - वायु, जल और मिट्टी को अपने में पचाकर, उनको उद्‌भिज पदार्थ में परिवर्तित करके एक वृक्ष हो जाता है।

ऐसा ही धर्म के संबंध में भी है। ईसाई को हिन्दू या बौद्ध नहीं हो जाना चाहिए, और न हिन्दू अथवा बौद्ध को ईसाई ही। पर हाँ, प्रत्येक को चाहिए कि वह दूसरों के सार-भाग को आत्मसात करके पुष्टि-लाभ करे और अपने वैशिष्टय की रक्षा करते हुए अपनी निजी वृद्धि के नियम के अनुसार वृद्धि को प्राप्त हो।

इस धर्म-महासभा ने जगत् के समक्ष यदि कुछ प्रदर्शित किया है, तो वह यह है: उसने यह सिद्ध कर दिया है कि शुद्धता, पवित्रता और दयाशीलता किसी संप्रदायविशेष की ऐकान्तिक सम्पत्ति नहीं है, एवं प्रत्येक धर्म ने श्रेष्ठ एवं अतिशय उन्नत चरित्र स्त्री पुरुषों को जन्म दिया है। अब इन प्रत्यक्ष प्रमाणों के बावजूद भी यदि कोई ऐसा स्वप्न देखे कि अन्यान्य सारे धर्म नष्ट हो जायँगे और केवल उसका धर्म ही जीवित रहेगा, तो उस पर मैं अपने हृदय के अन्तस्तल से दया करता हूँ और उसे स्पष्ट बतलाये देता हूँ कि शीघ्र ही, सारे प्रतिरोधों के बावजूद, प्रत्येक धर्म की पताका पर यह लिखा रहेगा- "सहायता करो, लडो मत।" "पर —भाव-ग्रहण, न कि पर-भाव-विनाश", "समन्वय और शांति, न कि मतभेद और कलह!"

– स्वामी विवेकानंद

Scanned by CamScanner

# Lature of Swami Vivekanand at Parliament of Religion at Chicago, 27 September 1893



The World's Parliament of Religions has become an accomplished fact, and the merciful Father has helped those who labored to bring it into existence, and crowned with success their most unselfish ...bour.

My thanks to those noble souls whose large hearts and love of truth first dreamed this wonderful dream and then realized it. My thanks to the shower of liberal sentiments that has overflowed this platform. My thanks to this enlightened audience for their uniform kindness to me and for their appreciation of every thought that tends to smooth the friction of religions. A few jarring notes were heard from time to time in this harmony. My special thanks to them, for they have, by their striking contrast, made the general harmony the sweeter.

Much has been said of the common ground of religious unity. I am not going just now to venture my own theory. But if anyone here hopes that this unity will come by the triumph of any one of the religions and the destruction of the others, to him I say, "Brother, yours is an impossible hope." Do I wish that the Christian would become Hindu? God forbid. Do I wish that the Hindu or Buddhist would become Christian ? God forbid.

The seed is put in the ground, and earth and air and water are placed around it. Does the seed become the earth, or the air, or the water? No. It becomes a plant, it develops after the law of its own growth, assimilates the air, the earth and the water, converts them into plant substance, and grows into a plant.

Similar is the case with religion. The Christian is not to become a Hindu or a Buddhist, nor a Hindu or a Buddhist to become a Christian. But each must assimilate the spirit of the others and yet preserve his individuality and grow according to his own law of growth.

If the Parliament of Religions has shown anything to the world it is this: It has proved to the world that holiness, purity and charity are not the exclusive possessions of any church in the world, and that every system has produced men and women of the most exalted character. In the face of this evidence, if anybody dreams of the exclusive survival of his own religion and the destruction of the others, I pity him from the bottom of my heart, and point out to him that upon the banner of every religion will soon be written, in spite of resistance: "Help and not Fight:", " Assimilation and not Destruction"," Harmony and peace and not Dissension".

- Swami Vivekanand

Scanned by CamScanner